


# હત્યાના પ્રયાસ બાદ મુઠ્ઠી ઊંચી કરતા ટ્રમ્પની તસવીર સાથેના ટી-શર્ટ ચીનમાં વેચાવા લાગ્યા

**ચાઇનીઝ** ઇ-કોમર્સ પ્લેટફોર્મ તાઓબાઓ અને જેડીડોટકોમે તસવીરોથી કમાણી કરી લેવાની તૈયારી કરી દીધી

બેંગકોક, તા. 15 (એપી): આ ક્ષણની તસવીરો વિશ્વભરના મીડિયાના પ્રથમ પૃષ્ઠો પર છવાઈ ગઈ છે અને ઈન્ટરનેટના ઘણા ખૂણાઓમાં છપાઈ ચૂકી છે - ગોળી લાગ્યા બાદ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કાનની આસપાસથી લોહી નીકળી રહ્યું છે અને તેમનો જમણો હાથ મુઠ્ઠીથી બંધ છે, જ્યારે સિક્રેટ સર્વિસ એજન્ટોએ તેમને ઘેરી લીધા હતા.

અને હવે તે ચાઈનાના ઈ-કોમર્સ પ્લેટફોર્મ પર માત્ર 4 અમેરિકન ડોલરમાં ટી-શર્ટ ઉપલબ્ધ છે.

સપ્તાહના અંતે ચાઈનીઝ રિટેલરોએ શનિવારના રોજ એક રેલીમાં ટ્રમ્પ પર હત્યાનો પ્રયાસ કર્યા પછી દેશના બે સૌથી મોટા ઈ-કોમર્સ પ્લેટફોર્મ તાઓબાઓ અને જેડીડોટકોમે તસવીરોથી કમાણી કરી લેવાની તૈયારી કરી દીધી હતી. ઓનલાઈન ફરતા સ્ક્રીનશોટ અનુસાર, એક ટી-શર્ટ પર લખ્યું હતું, "અમેરિકાને ફરીથી મહાન બનાવો" અન્ય એક ટી-શર્ટ પર લખ્યું હતું, "ગોળીબાર મને વધુ મજબૂત બનાવે છે." શર્ટ પર એ ક્ષણને કેદ કરનાર ઘણા પ્રકારની તસવીરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં એસોસિએટેડ પ્રેસ ફોટોગ્રાફર ઈવાન વુચી દ્વારા લેવામાં આવેલી સૌથી અવિશ્વસનીય તસવીર પણ સામેલ છે.



13મી જુલાઈ, 2024ના રોજ રેવરે, મેસેચ્યુસેટ્સમાં (અમેરિકા) 20મા વાર્ષિક રેવરે બીચ ઈન્ટરનેશનલ સેન્ડ સ્કલ્પચર ફેસ્ટિવલ દરમિયાન વિશાળ રેતીળા સ્થાને શિલ્પકારો કલાકૃતિ બનાવતા નજરે પડે છે. આ ઉજવણી 19 જુલાઈના રોજ ખુલશે અને 21 જુલાઈ સુધી ચાલશે.

# કેરળમાં સરકારી હોસ્પિટલની લિફ્ટમાં વ્યક્તિ બે દિવસ સુધી ફસાયેલો રહ્યો

**59 વર્ષીય** નાયર લિફ્ટમાં ફસાયો ત્યારે તે મહિનાનો બીજો શનિવાર હતો આગલા દિવસે રવિવાર અને સોમવારે ઓપરેટર આવ્યો ત્યારે લિફ્ટમાંથી બહાર નીકળ્યો, ત્રણ કર્મચારીઓ સસ્પેન્ડ



તિરુવનંતપુરમ, તા. 15 (પીટીઆઈ): કેરળની રાજધાનીની સરકારી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં એક 59 વર્ષીય વ્યક્તિ બે દિવસ સુધી લિફ્ટમાં ફસાયેલો હતો, પરંતુ તેના ઓપરેશન માટે જવાબદાર અધિકારીઓ સોમવારે સવાર સુધી પરિસ્થિતિથી અજાણ હતા, જેના કારણે અધિકારીઓએ તેમની કથિત ક્ષતિઓ માટે તેની સામે શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, ઉલ્લૂરના રહેવાસી રવીન્દ્રન નાયર, એક દર્દી જે તબીબી તપાસ માટે આવ્યો હતો, તે શનિવારથી અહીંની સરકારી મેડિકલ કોલેજના ઓપી બ્લોકની લિફ્ટની અંદર ફસાઈ ગયો હતો અને સોમવારે નિયમિત કામ માટે આવેલા ઓપરેટરે તેને બચાવી લીધો હતો. દર્દીને વિગતવાર તબીબી તપાસ માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે, "તે (નાયર) પહેલા માળે જવા માટે લિફ્ટમાં ગયો અને દાવો કરે છે કે લિફ્ટ નીચે આવી, પરંતુ ખુલી નહીં. તે કહે છે કે તેણે મદદ માટે બૂમો પાડી, પરંતુ કોઈ આવ્યું નહીં. તેનો ફોન પણ બંધ હતો."

રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી વીણા જ્યોર્જે ઘટનાની તપાસના આદેશ આપ્યા છે અને આ સંદર્ભમાં રિપોર્ટ માંગ્યો છે. આરોગ્ય વિભાગે આ ઘટનાના સંબંધમાં ત્રણ સ્ટાફ સભ્યો - બે લિફ્ટ ઓપરેટર અને એક ફરજ સાર્જન્ટને પણ સસ્પેન્ડ કર્યા છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ ઘટના સોમવારે સવારે પ્રકાશમાં આવી, જ્યારે લિફ્ટ ઓપરેટર નિયમિત કામ માટે આવ્યો હતો.

## પેજ 3

## રકુલ પ્રીત સિંહના ભાઈની હૈદરાબાદ પોલીસે ડ્રગ્સના કેસમાં ધરપકડ કરી



હૈદરાબાદ, તા. 15: બોલિવૂડ અભિનેત્રી રકુલ પ્રીત સિંહના ભાઈ અમન પ્રીત સિંહ અને અન્ય 4 લોકોની સોમવારે હૈદરાબાદ પોલીસે ડ્રગ્સના કથિત કેસના સંબંધમાં ધરપકડ કરી હતી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. તેલંગાણા એન્ટી-નાર્કોટિક્સ વિભાગને માહિતી મળી હતી કે 2.6 કિલો કોકેઇન હૈદરાબાદમાં વેચાણ માટે લાવવામાં આવી રહ્યું છે તે પછી દિવસ પહેલા અમન અને અન્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ ટીમે ડ્રગ રેકેટનો પર્દાફાશ કર્યો હતો અને તસ્કરીના 30 ગ્રાહકોની ઓળખ કરી હતી, જેમાં અમન પ્રીત સિંહનો સમાવેશ થાય છે. અમન પ્રીત સિંહ, અનિકેત રેડ્ડી, પ્રસાદ, મધુસૂદન અને નિખિલ દમન તરીકે ઓળખાતા તમામ પાંચ આરોપીઓ હાલમાં પોલીસ કસ્ટડીમાં છે અને તબીબી તપાસ બાદ તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવશે.

## નીતા અંબાણીએ તેમના ઘરેણાંવાળા બ્લાઉઝ પર હિન્દીમાં ઈશા, આકાશ, અનંત, તેમના પૌત્ર-પૌત્રીઓનાં નામ એમ્બ્રોઇડરી કરાવ્યાં હતાં



મુંબઈ, તા. 15: નીતા અંબાણીએ તેમના બ્લાઉઝ પર તેમનાં બાળકો અને પૌત્ર-પૌત્રીઓનાં નામ હિન્દીમાં એમ્બ્રોઇડરી કરાવ્યાં હતાં. તેણીએ અનંત અને રાધિકાના શુભ આશીર્વાદ સમારોહ દરમિયાન તે પહેર્યું હતું.

નીતા અંબાણીએ તેમના પુત્ર અનંત અંબાણી અને તેમની પત્ની રાધિકા મર્ચન્ટનાં લગ્નની ઉજવણીના બીજા દિવસે શુભ આશીર્વાદ સમારોહ માટે ખૂબસૂરત ગુલાબી ઘાઘરા ચોલી સેટ પહેર્યો હતો. કોઉચર લુકની નવી વિગતે ઇન્ટરનેટ પર ધૂમ મચાવી દીધી છે. માસ્ટર કોટ્યુરિયર અબુ જાની સંદીપ ખોસલાએ શુભ આશીર્વાદ સમારોહમાંથી નીતા અંબાણીના શાનદાર લુકની તસવીરો ઇન્સ્ટાગ્રામ પર શેર કરી છે. એક ચિત્રમાં તેના ઉત્કૃષ્ટ બ્લાઉઝની ડિઝાઇનની વિગતો દર્શાવવામાં આવી હતી. જેમાં ચોલીની પાછળના ભાગમાં નીતા અંબાણીનાં બાળકો અને પૌત્ર-પૌત્રીઓ - ઈશા, આકાશ, અનંત, કૃષ્ણા, આદિયા, પૃથ્વી અને વેદ -રંગબેરંગી હાથીના રૂપમાં હિન્દી લખાણમાં હાથથી ભરતકામ કરેલાં નામો દર્શાવાયાં છે.

## બોલિવૂડ સેલિબ્રિટીઓએ કુટ્ટારુ કોરાગજ્જા મંદિરમાં દર્શન કર્યાં



મેંગલુરુ (કર્ણાટક) તા. 15 (પીટીઆઈ): બોલિવૂડ કલાકારો કેટરિના કૈફ, સુનીલ શેટ્ટી અને તેમના પુત્ર અહાન અને પુત્રી અથિયા તેમ જ સ્ટાર ક્રિકેટર કેએલ રાહુલ સહિત અનેક સેલિબ્રિટીઓએ રવિવારે મેંગલુરુમાં કુટ્ટારુ કોરાગજ્જા મંદિરમાં દર્શન કર્યાં હતાં અને પૂજા-અર્ચના કરી હતી. કોરાગજ્જા કર્ણાટકના દરિયાકાંઠાના પ્રદેશોમાં પૂજવામાં આવતા અગ્રણી લોક દેવતા છે અને ખાસ કરીને મેંગ્લોરમાં લોકપ્રિય છે. તુલુનાડુમાં મૂળ ધરાવતા શેટ્ટી અને તેમના પરિવારના સભ્યોએ કૈફ સાથે દેવતાના સન્માનમાં કોલા (પરંપરાગત વિધિ)માં ભાગ લીધો હતો. ભૂતકાળમાં કોરાગજ્જા મંદિરની અંદર તસવીરો કે વીડિયો લેવા પર પ્રતિબંધ હતો. જોકે, આ પ્રસંગે બોલિવૂડની હસ્તીઓની હાજરીને કારણે મંદિર સત્તાવાળાઓએ દરવાજાની સામે અને ઓફિસની અંદર પણ ફોટોગ્રાફ્સ લેવાની મંજૂરી આપી હતી. મંદિરની સામે કેટરિના કૈફની તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ ચૂકી છે.

## શ્લોકાને ઉંઘ આવતી હતી? લોકોએ બચાવ કરતા કહ્યું કે તે બે બાળકોની મા છે, થાકી જાય



મુંબઈ, તા. 15 આકાશ અંબાણીની પત્ની શ્લોકા મહેતા તેના દેર અનંત અંબાણીનાં લગ્ન બાદ ઉજવણી દરમિયાન જાગતા રહેવા માટે સંઘર્ષ કરતી જોવા મળી હતી. એક વ્યાપકપણે શેર કરાયેલ વીડિયોમાં અબજોપતિ મુકેશ અને નીતા અંબાણીની મોટી પુત્રવધૂ તેમના પતિની બાજુમાં મેળાવડાની આગળની હરોળમાં બેઠી હતી ત્યારે તેઓ માથું નમાવતા દર્શાવી હતી. ટૂંકી ક્લિપ જોનારા કેટલાક લોકોએ મહેતા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવતાં કહ્યું હતું કે, બે નાના બાળકોની માતા માટે ઘણા કાર્યક્રમો બાદ થાકી જવું સ્વાભાવિક છે. શ્લોકા મહેતા અને આકાશ અંબાણી પૃથ્વી અને વેદાનાં માતા-પિતા છે. જ્યારે પૃથ્વી ત્રણ વર્ષનો છે, વેદા મે મહિનામાં એક વર્ષની થઈ હતી.



સોમવારે 'બહુદા યાત્રા' અથવા પરત રથયાત્રા પર હજારો ભક્તોએ ભગવાન જગન્નાથ, દેવી સુભદ્રા અને ભગવાન બલભદ્રના રથને ખેંચ્યા હતા. જોકે, રથ ખેંચવાનું કામ સાંજે 4 વાગ્યે શરૂ થવાનું હતું, તે 'જય જગન્નાથ'ના નારા અને કરતાલના નાદ વચ્ચે નિર્ધારિત સમય પહેલાં જ શરૂ થયું હતું. ભક્તોએ બપોરે 3.25 વાગ્યે ભગવાન બલભદ્રના રથ 'તલધ્વજા' અને 4 વાગ્યે દેવી સુભદ્રાના 'દેવદલાન'ને ખેંચવાનું શરૂ કર્યું હતું. સાંજે 4.15 કલાકે ભગવાન જગન્નાથના રથ 'નંદીઘોષને ખેંચવાની શરૂઆત થઈ હતી. પુરીના નામાંકિત રાજા 'ગજપતિ મહારાજ' દિવ્યા સિંહ દેબે 'ચીરાપહંરા' અનુષ્ઠાન કર્યા પછી રથ ખેંચવાની શરૂઆત થઈ હતી, દરમિયાન એક ધાર્મિક વિધિ જેમાં પાણીનો છંટકાવ કરીને સોનાની સાવરણીની મદદથી ત્રણેય રથની સફાઈ કરી હતી. દેવતાઓ રથયાત્રા દરમિયાન 7 જુલાઈના રોજ જગન્નાથ મંદિરથી નીકળ્યા હતા અને તેમના જન્મસ્થળ ગણાતા ગુંડીચા મંદિર પહોંચ્યા હતા. તેઓ ત્યાં એક સપ્તાહ રોકાયા હતા અને સોમવારે તેઓ જગન્નાથ મંદિર પરત ફરી રહ્યા છે. આ યાત્રા 'બહુદા યાત્રા' તરીકે ઓળખાય છે.

# ASIએ ભોજશાલા સર્વેનો અહેવાલ મધ્યપ્રદેશ હાઈકોર્ટમાં જમા કરાવ્યો

**અહેવાલ** અહીં પહેલાં મંદિર હોવાના સંકેત આપે છે

ઈન્દોર, તા. 15 (પીટીઆઈ): ભારતીય પુરાતત્વ સર્વેક્ષણે (એએસઆઈ)એ સોમવારે વિવાદિત ભોજશાળા-કમલ મૌલા મસ્જિદ સંકુલનો તેનો વૈજ્ઞાનિક સર્વે રિપોર્ટ મધ્યપ્રદેશ હાઈકોર્ટની ઈન્દોર બેંચને સોંપ્યો હતો. એએસઆઈના વકીલ હિમાંશુ જોશીએ 2,000થી વધુ પાનાનો અહેવાલ હાઈકોર્ટની રજિસ્ટ્રીને સોંપ્યો હતો. હવે હાઈકોર્ટ આ કેસની સુનાવણી 22 જુલાઈએ કરશે.હાઈકોર્ટે 11 માર્ચે 'હિન્દુ ફ્રન્ટ ફોર જસ્ટિસ'ની અરજી પર એએસઆઈને રાજ્યના ધાર જિલ્લામાં સ્થિત સંકુલનું વૈજ્ઞાનિક સર્વેક્ષણ કરવાનો આદેશ આપ્યો હતો, અદાલતે આ કાર્ય માટે છ અઠવાડિયાનો સમય આપ્યો હતો.

એક મીડિયા સંસ્થાના અહેવાલ મુજબ અહીં કેટલીક ઐતિહાસિક કલાકૃતિઓ મળી છે જે વિવાદિત સંકુલ મૂળ રૂપે મંદિર હોવાનો સંકેત આપે છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે સર્વે દરમિયાન ચાંદી, તાંબુ, એલ્યુમિનિયમ અને સ્ટીલના બનેલા કુલ 31 સિક્કા મળી આવ્યા હતા, જે વિવિધ સમયગાળાના છે.

સર્વેક્ષણમાં કુલ 94 મૂર્તિઓ, મૂર્તિઓના ટુકડાઓ અને સ્થાપત્ય તત્વો મળી આવ્યા હતા. આ મૂર્તિઓ બેસાલ્ટ, આરસ, શિસ્ટ, નરમ પથ્થર, સેંડસ્ટોન અને ચૂનાના પત્થરમાંથી બનેલી છે. મૂર્તિઓ ગણેશ, બ્રહ્મા, નરસિંહ, ભૈરવ, અન્ય દેવી-દેવતાઓ, મનુષ્યો અને પ્રાણીઓની આકૃતિઓ દર્શાવે છે.

પ્રાણીઓની આકૃતિઓમાં સિંહ, હાથી, ઘોડા, કૂતરા, વાંદરાઓ, સાપ, કાચબા, હંસ અને પક્ષીઓનો સમાવેશ થાય છે. માનવ અને પ્રાણીઓની ઘણી છબીઓ વિકૃત કરાઈ છે અથવા કાઢી દેવામાં આવી છે, ખાસ કરીને જ્યાં હવે મસ્જિદ ઊભી છે તે વિસ્તારમાં, એમ અહેવાલમાં જણાવાયું છે.

એએસઆઈનો અહેવાલ સૂચવે છે કે ભોજશાળા એક સમયે એક મહત્વપૂર્ણ શૈક્ષણિક કેન્દ્ર હતું, જેની સ્થાપના રાજા ભોજ દ્વારા કરવામાં આવી હતી. પ્રાપ્ત થયેલ કલાકૃતિઓ સૂચવે છે કે વર્તમાન માળખું અગાઉના મંદિરોના ભાગોનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યું હતું.

# પાકિસ્તાન સરકાર ઈમરાન ખાનની પાર્ટી પર કથિત રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ માટે પ્રતિબંધ મૂકશે

**જેલમાં** બંધ ભૂતપૂર્વ વડા પ્રધાન ઇમરાન ખાન વિરુદ્ધ દેશદ્રોહનો ગુનો નોંધવામાં આવશે

ઈસ્લામાબાદ, તા. 15 (પીટીઆઈ): ઈમરાન ખાન સામેના તેમના અભિયાનને તેજ કરતા પાકિસ્તાન સરકારે સોમવારે કહ્યું હતું કે, તેણે ગેરકાયદે વિદેશી ભંડોળ પ્રાપ્ત કરવા, દેશવ્યાપી રમખાણોમાં સામેલ થવા અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં કથિત રીતે તેમની સંડોવણીના આરોપોમાં તેમની પાર્ટી પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો છે. આ પ્રવૃત્તિઓના કારણે જેલમાં બંધ ભૂતપૂર્વ વડા પ્રધાન વિરુદ્ધ દેશદ્રોહનો ગુનો નોંધવામાં આવશે.

માહિતી અને પ્રસારણ મંત્રી, અતાઉલ્લાહ તરારે આની જાહેરાત કરતાં ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) અને તેના નેતૃત્વની પ્રવૃત્તિઓ પર પ્રકાશ પાડ્યો, જે દેશની સાર્વભૌમત્વને કમજોર કરવા અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેની અખંડિતતાને નુકસાન પહોંચાડવામાં અંગે છે.

"પીટીઆઈ અને પાકિસ્તાન એકસાથે રહી શકતા નથી." તરારે અહીં એક પ્રેસ-કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, આ મામલો કેબિનેટ અને સુપ્રીમ કોર્ટમાં જશે.

તરારે કહ્યું કે, સરકારે પીટીઆઈ પર પ્રતિબંધ મૂકવાનો, અનામત બેઠકોના કેસમાં રિવ્યુ પિટિશન દાખલ કરવાનો અને પીટીઆઈના સ્થાપક, ભૂતપૂર્વ પ્રમુખ આરિફ અલ્વી અને ભૂતપૂર્વ નેશનલ એસેમ્બલીના ડેપ્યુટી સ્પીકર કાસિમ સૂરી વિરુદ્ધ બંધારણને તોડવા બદલ કેસ દાખલ કરવાનો નિર્ણય લીધો છે.

તરારે કહ્યું કે, મુઠ્ઠીભર વિદેશી પાકિસ્તાનીઓ વિરુદ્ધ રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ માટે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. મંત્રીએ આરોપ લગાવ્યો કે, પીટીઆઈ લાંબા સમયથી રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ છે, મંત્રીએ કહ્યું કે, બંધારણ ફેડરલ સરકારને કેસને સુપ્રીમ કોર્ટમાં મોકલીને આવા પક્ષ પર પ્રતિબંધ મૂકવાની સત્તા આપે છે.

# વિજ્ઞાનીઓએ ચંદ્ર પર ગુફા હોવાની પુષ્ટી કરી

**આર્મસ્ટ્રોંગ** અને બઝ એલ્ડ્રિન ઉતર્યા હતા તે સ્થળની નજીક જ આ ગુફામાં ભવિષ્યના અવકાશયાત્રીઓ આશ્રય લઈ શકે છે

કેપ કાનવેરલ, તા. 15 (એપી): વિજ્ઞાનિઓએ ચંદ્ર પર એક ગુફા હોવાની પુષ્ટિ કરી છે, 55 વર્ષ પહેલાં નીલ આર્મસ્ટ્રોંગ અને બઝ એલ્ડ્રિન ઉતર્યા હતા તે સ્થળની નજીક જ, અને શંકા છે કે આવી વધુ સેંકડો ગુફા છે જ્યાં ભવિષ્યમાં અવકાશયાત્રીઓ રહી શકે છે.

ઈટાલિના નેતૃત્વવાળી એક ટીમે સોમવારે અહેવાલ આપ્યો હતો કે ચંદ્ર પરના સૌથી ઊંડા ખાડામાંથી આ મોટી ગુફામાં જઈ શકાય છે. તે અપોલો-11ની લેન્ડિંગ સાઈટથી માત્ર 400 કિલોમીટર દૂર 'સી ઓફ ટ્રાન્ક્વીલીટી' પર સ્થિત છે.

આવા 200થી વધુ અન્ય ખાડા છે તે લાવા ટ્યુબના તૂટવાથી બન્યા હતા.

સંશોધકોએ નાસાના લ્યુનર રિકોનિસન્સ ઓર્બિટર દ્વારા રડાર માપનનું વિશ્લેષણ કર્યું અને પરિણામોની તુલના પૃથ્વી પરની લાવા ટ્યુબ સાથે કરી. તેમના તારણો નેચર એસ્ટ્રોનોમી જર્નલમાં પ્રકાશિત થયા હતા.

વૈજ્ઞાનિકોના મતે રડારના આંકડાઓ ભૂગર્ભ પોલાણનો માત્ર પ્રારંભિક ભાગ જ દર્શાવે છે. તેમનો અંદાજ છે કે તે ઓછામાં ઓછો 40 મીટર પહોળો અને દસેક મીટર લાંબો છે.

'ચંદ્રની ગુફાઓ 50 વર્ષથી વધુ સમયથી રહસ્ય બની રહી છે. તેથી તેનું અસ્તિત્વ સાબિત થવું એ રોમાંચક હતું, એમ વિજ્ઞાનીઓએ કહ્યું હતું.

વૈજ્ઞાનિકોના મતે મોટાભાગના ખાડાઓ ચંદ્રના પ્રાચીન લાવાના મેદાનોમાં સ્થિત હોવાનું જણાય છે. ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પણ કેટલાક હોઈ શકે છે. એવું માનવામાં આવે છે કે ત્યાં કાયમી પડછાયાવાળા ખાડાઓ સ્થિર પાણી ધરાવે છે જે પીવાનું પાણી અને રોકેટ ઇંધણ પૂરું પાડી શકે છે.

તારણો સૂચવે છે કે ચંદ્ર પર સેંકડો ખાડાઓ અને હજારો લાવા ટ્યુબ હોઈ શકે છે. આવા સ્થાનો અવકાશયાત્રીઓ માટે કુદરતી આશ્રયસ્થાન તરીકે સેવા આપી શકે છે, જે તેમને કોસ્મિક કિરણો અને સૌર કિરણોત્સર્ગ તેમજ સૂક્ષ્મ ઉલ્કાના હુમલાઓથી બચાવશે.



# કાશ્મીરમાં મોહરમ જુલૂસમાં મુસ્લિમોએ પેલેસ્ટિનિયન ધ્વજ લહેરાવ્યા, ઈઝરાયેલ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા

**બિહારમાં** પેલેસ્ટિનિયન ધ્વજ લહેરાવવા બદલ ત્રણ વ્યક્તિની ધરપકડ

નવી દિલ્હી, તા. 15 : પયગંબર મુહમ્મદના પૌત્રની શહાદતની યાદમાં શોકના આઠમા દિવસે સોમવારે દેશભરમાં મોહરમના જુલૂસ કાઢવામાં આવ્યા હતા, જેમાં શ્રીનગરમાં સતત બીજા વર્ષે આ દિવસે શોક મનાવાયો હતો અને બિહારના નવાદામાં પેલેસ્ટિનિયન ધ્વજ લહેરાવવા બદલ ત્રણ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, કાશ્મીરના શિયા સમુદાયે પરંપરાગત ગુરુ બજાર-દલગેટ માર્ગ પર શાંતિપૂર્ણ રીતે જુલૂસ કાઢ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, કાશ્મીરના શ્રીનગરમાં મોહરમ જુલૂસ દરમિયાન અન્ય લોકો ઈઝરાયલ વિરોધી, યુએસ વિરોધી સૂત્રોચ્ચાર કર્યો હતો અને પેલેસ્ટાઇનમાં લોકો સામે હિંસા બંધ કરવા હાકલ કરી હતી.

કાશ્મીરમાં આતંક ફરી માથું ઊંચક્યા બાદ મોહરમના જુલૂસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. કારણ કે, એવી આશંકા હતી કે, અલગતાવાદીઓ મોટી ભીડનો બદઈરાદાથી દુરુપયોગ કરી શકે છે.

આ તરફ બિહારના નવાદામાં પોલીસે મોહરમ પહેલા રવિવારે એક જુલૂસ દરમિયાન પેલેસ્ટિનિયન ધ્વજ લહેરાવવાના આરોપમાં ત્રણ લોકોની ધરપકડ કરી હતી.

# "ડિગ્રી કોઈ કામની નથી, પંચરની દુકાન ખોલી નાખો": ભાજપના ધારાસભ્યની વિદ્યાર્થીઓને વિચિત્ર સલાહ

નવી દિલ્હી, તા. 15: ભાજપના ધારાસભ્ય પન્નાલાલ શાક્યએ જણાવ્યું હતું કે, ડિગ્રી મેળવવાથી કંઈ મેળતું નથી અને વિદ્યાર્થીઓએ આજીવિકા મેળવવા માટે મોટરસાઈકલ પંચર કરવાની દુકાન ખોલવી જોઈએ.

મધ્ય પ્રદેશમાં ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ના ધારાસભ્યએ વિદ્યાર્થીઓને એક વિચિત્ર સલાહ આપી છે. તેમના ગુના વિધાનસભા મતવિસ્તારમાં 'પીએમ કૉલેજ ઑફ એક્સેલન્સ'નું ઉદ્ઘાટન પ્રસંગે આયોજિત એક કાર્યક્રમમાં ભાજપના ધારાસભ્ય પન્નાલાલ શાક્યએ કહ્યું હતું કે, ડિગ્રી મેળવવાથી કંઈ મેળતું નથી અને વિદ્યાર્થીઓએ આજીવિકા મેળવવા માટે મોટરસાઈકલ પંચર-રિપેર કરવાની દુકાન ખોલવી જોઈએ. સમાચાર એજન્સી પીટીઆઈના અહેવાલમાં જણાવાયું છે કે, કાર્યક્રમમાં ભાજપના ધારાસભ્યએ જણાવ્યું હતું કે, "અમે આજે પીએમ કૉલેજ ઑફ એક્સેલન્સ ખોલી રહ્યા છીએ. હું દરેકને એક વાક્ય (બોધ વાક્ય) ધ્યાનમાં રાખવાની અપીલ કરું છું કે, આ કૉલેજની ડિગ્રીઓથી કંઈ થવાનું નથી. તેના બદલે ઓછામાં ઓછી આજીવિકા ચલાવવા માટે મોટરસાઈકલ પંચર-રિપેર કરવાની દુકાન ખોલો."

રવિવારે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ઈન્દોરમાં અટલ બિહારી વાજપેયી સરકારી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં આયોજિત સમારોહમાં મધ્ય પ્રદેશના 55 જિલ્લાઓમાં પીએમ કોલેજ ઓફ એક્સેલન્સનું વર્ચ્યુઅલ રીતે ઉદ્ઘાટન કર્યું હતું.